RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 77 * Date: 05.01.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### બોમ્બે હાઈકોર્ટના નિર્ણય સામે અરજી દાખલ કરાઈ તે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

## મુસ્લિમ પુરુષોને એકથી વધુ લગ્ન રજીસ્ટર કરવાનો અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી

મુસ્લિમ પુરુષોને એક કરતાં વધુ લગ્નની નોંધણી કરવાની મંજૂરી અંગે બોમ્બે હાઈકોર્ટે આપેલા નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હોવાના મીડિયા અહેવાલ સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અરજદાર બોમ્બે હાઈકોર્ટમાં જે કેસ હતો તેના પક્ષકાર નથી, તેથી તેની અરજી પર સુનાવણી કરવામાં નહીં આવે. રાષ્ટ્રવાદી શિવસેના પ્રમુખ જય ભગવાન ગોયલે આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. બોમ્બે હાઈકોર્ટે તેના એક નિર્ણયમાં કહ્યું હતું કે, મુસ્લિમ પુરુષો એક કરતાં વધુ લગ્ન રજીસ્ટર કરી શકે છે, કારણ કે તેમના અંગત કાયદા તેમને ચાર લગ્ન કરવાની મંજૂરી આપે છે. આ કેસમાં બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર મેરેજ બ્યુરો રેગ્યુલેશન એન્ડ મેરેજ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૯૮ હેઠળ પોતાનો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું



કે, મુસ્લિમ વ્યક્તિને એકથી વધુ લગ્નની નોંધણી કરતા અટકાવી શકાય નહીં. હાઈકોર્ટે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેરેજ રજિસ્ટ્રારને અરજી કરનાર વ્યક્તિ અને તેની ત્રીજી પત્નીના કેસમાં ઝડપથી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, કાયદામાં એવું કંઈ નથી જે કોઈ મુસ્લિમ પુરુષને તેના ત્રીજા લગ્નની નોંધણી કરતા અટકાવે. આ અધિનિયમ મુસ્લિમોના અંગત કાયદાને બાકાત રાખતો નથી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને અરજદારના લગ્ન તેની બીજી પત્ની સાથે રજીસ્ટર કર્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાનું સ્ટેન્ડ રજૂ કરતી વખતે કહ્યું હતું કે લગ્નની નોંધણી વખતે તેમની પાસે તમામ જરૂરી દસ્તાવેજો નહોતા. ત્યારપછી દંપતીને બે અઠવાડિયામાં તમામ સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ હાઈકોર્ટે કહ્યું કે એકવાર દસ્તાવેજો સબમિટ થઈ જાય પછી, મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે લગ્નનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવા અથવા વ્યક્તિગત સુનાવણી પછી તેનો ઈનકાર કરવા માટે ૧૦ દિવસનો સમય હશે.

## અમેરિકા ભારતીયોનું સૌથી વધુ પસંદગીનું સ્થળ હતું પરંતુ હવે દુબઈ ફેવરીટ



નવીદિલ્હી

છેલ્લા દાયકામાં ભારતીય ઈમિગ્રન્ટ્સ (દ્નૈં)ની પસંદગીમાં ફેરફાર જોવા મળ્યો છે. અગાઉ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા ભારતીયોનું સૌથી વધુ પસંદગીનું સ્થળ હતું, પરંતુ હવે ઝડપથી તેમની પ્રાથમિકતા બદલાઈ રહી છે. ૨૦૧૦-૨૦૨૦ સુધી અમેરિકા ભારતીયો માટે ફેવરિટ દેશ રહ્યો. આ સમયગાળા દરમિયાન યુએસએમાં ભારતીય મૂળના લોકોની સંખ્યા ૪૫ લાખ સુધી પહોંચી ગઈ હતી. ૐ૧-મ્ વિઝાએૅ અને મેડિકલ ક્ષેત્રે કામ કરતા લોકોને આકર્ષ્યા, તો અમેરિકાની ટોચની યુનિવર્સિટીઓ ભારતીય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આકર્ષ્યા હતા. જો કે, તાજેતરના વર્ષોમાં વિઝા નિયમોની કડકતા અને કાયમી નિવાસ (ગ્રીન કાર્ડ) માટેના લાંબા વેઈટિંગ પિરિયડને કારણે અમેરિકાની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. ૨૦૨૦ બાદ દુબઈ (છઈ) ભારતીયો માટે ઝડપથી ફેવરિટ બની રહ્યું છે. કરમુક્ત આવક અને ભારતથી નજીક હોવાથી આ સ્થાન વધુ અનુકૂળ છે. દુબઈમાં રોજગારની તકો ખાસ કરીને ઉત્પાદન, સેવા અને ટેક્નોલોજી ક્ષેત્રોમાં સતત વધી રહી છે. સરળ વિઝા પ્રક્રિયા અને રોકાણ પ્રોત્સાહન નીતિઓ ભારતીયોને આકર્ષી રહી છે. રોજગારની તકો અને દુબઈની પ્રગતિશીલ ઈમિગ્રેશન નીતિઓને કારણે છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતીયોની પસંદગી બદલાઈ રહી છે અને યુએસના બદલે દુબઈ ફેવરિટ દેશ બની રહ્યો છે.

## ભારતીયો હવે ૨૦૨૬ સુધી વિઝા વિના જઈ શકશે સિંગાપોર-મલેશિયા પ્રવાસે

નવીદિલ્હી

મલેશિયાએ દેશના પ્રવાસન અને આર્થિક વિકાસને વેગ આપવાના એક મહત્વપૂર્ણ પગલામાં ભારતીય નાગરિકો માટે વિઝા મુક્તિને સત્તાવાર રીતે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિઝા લિબરેશન પ્લાન પહેલીવાર ડિસેમ્બર ૨૦૨૩માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ યોજના ભારતીય પ્રવાસીઓને ૩૦ દિવસ સુધી વિઝા વિના મલેશિયા જવાની મંજૂરી આપે છે. મલેશિયામાં એન્ટ્રી માટે ભારતીય નાગરિકોએ આગમન પર રિટર્ન ફ્લાઈટ ટિકિટ અને પર્યાપ્ત ફંડનો પુરાવો, જેમ કે બેંક સ્ટેટમેન્ટ અથવા ક્રેડિટ કાર્ડ રજૂ કરવું આવશ્યક છે. હાલમાં બે એરલાઈન્સ કોલકાતા અને કુઆલાલંપુર વચ્ચે ફ્લાઈટ ચલાવે છે. મલેશિયાના પ્રવાસન ક્ષેત્રમાં ભારતીય પ્રવાસીઓએ મહત્વની ભૂમિકા ભજવી છે. ૐંફૈંઢ-૧૯ મહામારી પહેલા ૨૦૧૯માં ૭,૩૫,૦૦૦થી વધુ લોકો મલેશિયા ગયા હતા. જ્યારે વિઝા છૂટછાટ બાદ ભારતીઓ પ્રવાસીઓની સંખ્યા વધારો થયો છે. ૨૦૨૪માં આ આંકડો ૧૦ લાખને વટાવી ગયો છે. જે ૨૦૧૯ની સરખામણીમાં ૪૭ ટકાનો નોંધપાત્ર વધારો છે. કામ અથવા અન્ય હેતુ માટે આવતા પ્રવાસીઓએ મલેશિયામાં પ્રવેશતા પહેલા યોગ્ય વિઝા મેળવવા આવશ્યક છે.

## યુપીમાં માત્ર ૫ ડગલાં જેટલી વિઝિબિલિટી: વન્ડરલેન્ડમાં ફેરવાયું હિમાચલ



દેશના ઉત્તરીય રાજ્યોમાં તીવ્ર ઠંડીની અસર યથાવત્ છે. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા બાદ રાજ્યના ૫ વિસ્તારોમાં તાપમાન માઈનસ પર પહોંચી ગયું છે.હિમાચલમાં તાબોનું લઘુતમ તાપમાન -૧૪.૭ ડિગ્રી, સામડોમાં -૯.૩ ડિગ્રી, કુકુમસાઈરીમાં -૬.૯ ડિગ્રી, કલ્પામાં -૨ અને મનાલીમાં ૨.૮ ડિગ્રી નોંધાયું હતું.ઠંડી ઉપરાંત દેશનાં ૧૪ રાજ્યોમાં ગાઢ ધુમ્મસની અસર પણ જોવા મળી રહી છે. અમૃતસરનું એરપોર્ટ શૂન્ય વિઝિબિલિટીના કારણે બંધ કરી દેવામાં આવ્યું હતું. અહીં ફ્લાઈટ ઓપરેશન બંધ થઈ ગયું છે.શુક્રવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ૫૦ મીટર સુધી વિઝિબિલિટી પણ નોંધાઈ હતી. જેના કારણે સ્પાઈસ જેટ, ઈન્ડિગો અને એર ઈન્ડિયાની લગભગ ૧૦૦ ફ્લાઈટને અસર થઈ હતી.ઉત્તર પ્રદેશમાં પણ ૩૦ શહેરોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.

## વિદેશ જરાનાનો અંગત ડેટા લેશે કેન્દ્ર સરકાર : ૧૯ પ્રકારનો પર્સનલ ડેટા હશે, ખર્ચ કોણે અને કેવી રીતે ઉઠાવ્યો; દાણચોરી રોકવા નિયમો બદલાયા

ભારત સરકાર વિદેશ જતા લોકો પાસેથી ૧૯ પ્રકારની અંગત માહિતી એકત્ર કરશે. આમાં મુસાફરો ક્યારે, ક્યાં અને કેવી રીતે મુસાફરી કરી રહ્યા છે તેનો સમાવેશ થાય છે; તેનો ખર્ચ કોણે અને કેવી રીતે ઉઠાવ્યો; કોણ કેટલી બેગ સાથે ગયા, ક્યારે અને કઈ સીટ પર બેઠા; તેવી માહિતી લેવામાં આવશે.આ ડેટા ૫ વર્ષ માટે સ્ટોર કરવામાં આવશે. જો જરૂરી હોય તો, તે અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે પણ શેર કરી શકાય છે. ૧ એપ્રિલથી તેનો અમલ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ માટે તમામ એરલાઈન્સને સૂચના આપવામાં આવી છે.દાણચોરી પર નજર રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. કસ્ટમ વિભાગ સમયાંતરે ડેટાનું વિશ્લેષણ કરશે. જો કોઈ પણ વ્યક્તિના વિદેશ પ્રવાસમાં કોઈ શંકાસ્પદ પેટર્ન જણાય તો તરત જ તપાસ શરૂ કરી શકાય છે.બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ડેટા કલેક્શનનો નિયમ ૨૦૨૨થી અમલમાં હતો, પરંતુ હવે તેને ફરજિયાત બનાવવામાં આવી રહ્યો છે.બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ડેટા કલેક્શનનો નિયમ ૨૦૨૨થી અમલમાં હતો, પરંતુ હવે તેને



ફરજિયાત બનાવવામાં આવી રહ્યો છે.૧૦મી ફેબ્રુઆરીથી પાયલોટ પ્રોજેક્ટ, ૧લી એપ્રિલથી સંપૂર્ણ રીતે અમલમાં આવશે એરલાઈન્સ માટે મુસાફરોનો આ ડેટા કસ્ટમ વિભાગ સાથે શેર કરવો ફરજિયાત બનાવવાનો પ્રસ્તાવ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ એ હવે વિદેશી રૂટ ધરાવતી તમામ એરલાઈન્સને ૧૦ જાન્યુઆરી સુધીમાં નવા પોર્ટલ 'દ્બઌૐ-છઠ' પર નોંધણી કરવા જણાવ્યું છે.

સરકાર નોંધણી પછી ૧૦ ફેબ્રુઆરીથી કેટલીક એરલાઈન્સ સાથે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ડેટા શેરિંગ બ્રિજ શરૂ કરવા માગે છે. આ પછી, આ સિસ્ટમ ૧ એપ્રિલથી સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવશે.બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ડેટા કલેક્શનનો નિયમ ૨૦૨૨થી અમલમાં હતો, પરંતુ હવે તેને ફરજિયાત બનાવવામાં આવી રહ્યો છે.

## દંડ વસૂલ કરવામાં આવ્યો:જાહેરમાં ગંદકી ફેલાવતા ૧૨૦ લોકો પાસેથી રૂ. ૪૭ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો

ગાંધીનગર શહેરમાં જાહેરમાં ગંદકી ફેલાવતા તેમજ સ્વચ્છા નહી જાળવતા લોકો સામે મહાનગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરાવમાં આવી છે. તાજેતરમાં ચલાવાયેલા અભિયાન દરમિયાન કુલ ૧૨૦ લોકો પાસેથી રૂ. ૪૭,૭૫૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકા દ્વારા ઉત્તર,મધ્ય અને દક્ષિણ ઝોનમાં એક સાથે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન સ્વચ્છતાના નિયમોનું પાલન નહી કરવા બદલ દંડનીય પગલાં




ભરવામાં આવ્યા હતા. આ ડ્રાઈવ દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ ૩૧ લોકો પાસેથી રૂ. ૨૦,૨૫૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જાહેરમાં ગંદકી ફેલાવતા ૭૬ વ્યક્તિઓને રૂ. ૨૩,૨૫૦નો દંડ કરાયો હતો જ્યારે જાહેરમાં થૂંકતા પકડાયેલા ૫ વ્યક્તિઓ, જાહેરમાં પેશાબ કરતાં પાંચ વ્યક્તિઓ અને શૌચક્રિયા કરનાર એક વ્યક્તિ સામે પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.મહાનગરપાલિકા દ્વારા ગાર્બેજ સેગ્રીગેશન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે સૂકો અને ભીનો કચરો અલગ નહી રાખનાર બે વેપારીઓ પાસેથી પણ ૧ હજા રૂપિયાનો દંડ વસૂલાયો હતો. મહાનગપાલિકા દ્વારા આગામી સમયમાં પણ ઝુંબેશ ચાલું રખાશે.

## પાટણમાં બિનઉપયોગી ટાયરોમાંથી ૨ બગીચામાં ટૂલ્સ,ગાડી, બેચ,જિરાફ સહિત ૧૬ સાધનો ઊભા કરતા આકર્ષિત બન્યા

પાટણ શહેરમાં અઘારા દરવાજાનો બગીચો અને આનંદ સરોવરમાં બાળકોને મનોરંજન મળી રહે તેમજ સિનિયર સિટીઝનોને બેઠક વ્યવસ્થા મળી રહે તેવા ઉદ્દેશથી પાટણ પાલિકાના શહેરના સિટી મેનેજર અભિષેક પટેલે બિન ઉપયોગી વસ્તુઓમાંથી ટૂલ્સ ગાડી બેચ અને જિરાફ જેવા ૧૬ સાધનો ઊભા કરતા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.પાટણ નગરપાલિકાના સીટી મેનેજર અભિષેક પટેલે ચાર મહિના અગાઉ વેસ્ટ ટુ વન્ડર થીમ અંતર્ગત પ્રોજેક્ટમાં પોતાના નોકરી પૂર્ણ કરી રાતે વધારાના સમયમાં મહેનત કરવાના ઉદ્દેશથી નગરપાલિકાના ચીફ ઓફિસર પાસે ૫૦ વેસ્ટ ટાયરની મંજૂરી લઈ તે ટાયરની શહેરમાં આવેલ અઘારા દરવાજા બહાર આવેલ બગીચામાં અને આનંદ સરોવરના બગીચામાં આવતા બાળકો વૃદ્ધો સહિતના લોકોને આકર્ષક કરતા ૧૬ વસ્તુઓ ઊભી કરી છે જેમાં ૮ ટૂલ છે, બે બેચ, બે ગાડી, બે જિરાફ અને બે કીટલી આઈટમ તૈયાર કરી આકર્ષ કેન્દ્ર ઊભું કર્યું છે.પ્રોજેક્ટર ચેરમેન અભિષેક પટેલે જણાવ્યું કે નગરપાલિકાની કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ પછીના સાંજે અને મોડી રાત સુધી સમય નીકાળીને આ કામગીરી રોજ કરતા હતા. શનિ-રવિએ પણ આ કામગીરીને ચાલુ રાખતા હતા.



## તંત્રી લેખ....

# ૨૦૨૧થી અત્યાર સુધીમાં ચીનની ઘરઘથ્થુ સંપત્તિમાં ૧૮ ટ્રિલિયન ડોલરનું નુકસાન

અમદાવાદ : વિશ્વની બીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા ચીનમાં કોરોના મહામારી સિવાય આંતરિક આર્થિક બાબતોને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક મોટા ફટકા પડયા છે. મંદ સ્થાનિક અને નિકાસ માંગ બાદ કોરોના વાયરસને કારણે લોકડાઉન અને એવરગ્રાન્ડેની કટોકટીએ અર્થ વ્યવસ્થાને હલાવી નાંખી છે અને ઘરગથ્થુ સંપત્તિમાં ૧૮ ટ્રિલિયન ડોલરના નુકસાનનો અંદાજ મુકાયો છે.છેલ્લા બે દાયકાથી ઝડપી આર્થિક વિકાસનો આનંદ માણનાર ચીન હવે ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. વિશ્વની બીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા છેલ્લા ૪-૫ વર્ષથી ઈતિહાસના સૌથી મોટા રિયલ એસ્ટેટ બબલના વિસ્ફોટ સાથે ઝઝૂમી રહી છે. ચીનના પ્રોપર્ટી માર્કેટમાં છેલ્લા ત્રણ વર્ષમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ચીનની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડેના ડિફોલ્ટ બાદ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ચીનની ઘરઘથ્થુ સંપત્તિમાં ૧૮ ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા ૩ વર્ષમાં ચીનમાં ધોવાઈ ગયેલ આ સંપત્તિનો આંકડો ૨૦૦૮-૦૯ની વૈશ્વિક નાણાકીય કટોકટી દરમિયાન અમેરિકાને થયેલા નુકસાન કરતાં પણ વધુ છે.ચીનની અર્થ વ્યવસ્થા છેલ્લા કેટલાક વર્ષોથી વધુ પડતા દેવા, વધુ પડતા બાંધકામ અને વધારાની ઉત્પાદન ક્ષમતાના બોજથી દબાયેલી છે. આ સમસ્યાઓ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર પરિણામો લાવી રહી છે. ચીનની સૌથી વધુ પડતી ટ્રમ્પના આગમન સાથે શરૂ થઈ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા બાદ ચીને શરૂ કરેલ ટ્રેડ વોર ચીનને ભારે પડયું હતુ. બાદમાં સ્થાનિક રિયલ એસ્ટેટ માંગ મંદ પડતા ચીનની સૌથી મોટી રિયલ્ટી કંપની એવરગ્રાન્ડે ધ્વસ્ત થઈ. માત્ર આ એક જ નહિ અન્ય ઘણી રિયલ એસ્ટેટ કંપનીઓ ભારે દેવાદાર છે અને મિલકતોની માંગનો અભાવ કટોકટીમાં વધુ ઉમેરાયો છે.

# ઉનાના યુવાનને સાપ જમણા પગની ત્રીજી આંગળીએ નવ નવ વાર શું કામ કરડ્યો? વાંચો સાપનો ઈન્ટરવ્યું!!!

" રાજુ ફટાફટ તૈયાર થઈ જા. આપણે કવરેજ કરવા ખોટા રૂપિયાની જેમ પહોંચવાનું છે'' બખડજંતર ચેનલના બે માથાળા એટલે કે ૧/૫ રાવણ સમાન બાબુલાલ (બબુચક .
બાબુલાલનું તખલ્લુસ બબુચક નથી. અમે, પાડેલ નામ, સર્વનામ , બહુનામ છે!!) બંદૂકની સનસન છૂટતી ગોળી જેમ હુકમો કરે છે. કંઈ સવાલ કરીએ તો કહેલી વાતનું બાષ્પીભવન થઈ જતું હોવાથી ગભરાઈ જાય છે. પછી ગેંગેંફેફેં કરે છે અને મગજ ગુમાવી 'ગિરઘરલાલ તમે ડોબા હોવ એ તો સમજ્યા પણ રાજુ રદી પણ ડોબો છે. બંને જણ ડોબા શિરોમણિ છો 'એમ અપમાન કરી ચેન્બરના દરવાજા દેખાડી દે છે.!!) ઈન્ટરવ્યું લેવા જવાની સૂચના આપી છે. અમારી બખડજંતર ચેનલ સાહેબે વેચેલી ચા જેવી ચેનલ છે. સાહેબે વેચેલી ચા કોઈએ પીધી હોવાનો કોઈ દાવો કરતું નથી. આ રીતે અમારી બખડજંતર ચેનલ કોઈએ જોઈ હોવાનો દાવો કોઈ કરતું નથી. અમે નેગેટીવ ટીઆરપીમાં નંબર વન છે. અમને પછાડી શકે તેવા કોઈ હરીફ દૂર દૂર સુધી દેખાતું નથી!! સ્ટાફમાં હું અને રાજુ રદી જ છીએ. સત્તાવાર તો કાજુ રદી ચીફ કેમેરામેન છે. હકીકતમાં કેમેરાનેન ઉપરાંત ડ્રાઈવર, વેઈટર, પ્યુન, કલિનર ઈત્યાદિ રાજુ છે. આવું અમારું છે. અમે ચીફ એડીટર છીએ. પણ બાબુલાલ માટે ચાનો ઓર્ડર આપવા ચાની કીટલીએ અમે જ જઈએ છીએ. ખાનગી ચેનલોમાં આવું જ સખળડખળ, બખડજંતર ચાલતું હોય છે!!
" ગિરઘરભાઈ. કયાં ખોવાઈ ગયા?'' રાજુએ મને હલાવીને મારી વિચારની વાતમાં વરવો વિક્ષેપ પાડ્યો!!
" ક્યાંય નહીં! આપણી હાલાકી વિશે વિચારતો હતો.'' મેં સ્પષ્ટતા કરી .
" ગિરઘરભાઈ. આપણે યુએન મહેતા જવાનું છે?'' રાજુએ ઉત્સુકતાથી પૂછયું.
" ના. રાજુ! આપણે સાપના ભોણમાં જવાનું છે!!'' મેં રાજુને સ્પોટ વિશે કહ્યું.
" વોટ? સાપનો ઈન્ટરવ્યુ. બટ વ્હાય?? તમે લપકવા વિરોધી રસી લીધી છે??'' રાજુએ સવાલની બૌછાર વરસાવી.
" કેમ એવું પૂછે છે!'' મારો સવાલ.
" કૂતરું કરડવાથી હડકવા થાય છે. સર્પદંશથી સાપની જેમ ફેણ ચડાવી જીભ લપક લપક ન થાય એ માટે કોઈ રસી આવતી હશે ને?'' રાજુએ ભોળા ભાવે સ્પષ્ટતા કરી.
અમે ગામથી દૂર સાપના ભોણ પાસે પહોંચ્યા . ભોણ પર ટકોરા મારી નોક કર્યું. શિષ્ટાચાર અમારામાં ઠાંસી ઠાંસીને ભર્યો છે.
કરંડિયા સાપ જલેબીની જેમ ગૂંચળું વળીને પડ્યો હોય. મદારી વાંસના કરંડિયાનું ઢાંકણું ઉપર કરી સાપની પૂંછડીને જરાતરાં સ્પર્શ કરે એટલે સોળ વરસની સુંદરીની જેમ આળસ મરડીને અર્ધો ઉંચો થાય. ફેણ ચડાવી આમતેમ ડાફોળિયા મારવા માંડે!!
" સર સલામ નમસ્તે " અમે નાગનું અભિવાદન કર્યું.
"કોણ છો? કોણ છો?'' એમ ફૂંફાડો મારીને પૂછયું ગોગાબાપા અમારી નજીક આવવા ધસ્યા. અમને બીક લાગતી હોઈ ( પેલું શું કહે છે? અમારી ફાટતી હોઈ જેવું જ!!) અમે દૂર ખસ્યા. અમે અમારો પરિચય આપી ઈન્ટરવ્યું લેવાની મંજૂરી આપવા વિનંતી કરી.
" નાગ સાહેબ તમારો પરિચય આપશો?
" રિપોર્ટર ભાઈ, યુગે યુગે અમે અલગ સ્વરૂપે છીએ. શંકર ભગવાનના ગળામાં સાપ છીએ. ભગવાન ગણેશે જનોઈના રૂપમાં નાગને ધારણ કર્યા છે, વિષ્ણુ ભગવાન માટે શેષનાગ છીએ. જે શેષનાગની શૈયા પર ક્ષીરસાગરમાં પોઢે છે!શેષનાગનું બીજુ નામ અનન્ત પણ છે. ધર્મ ગ્રંથોમાં લક્ષ્મણજી અને બલરામજીને શેષનાગનો જ અવતાર માનવામાં આવે છે. કૃષ્ણ ભગવાન માટે કાલિ નાગ છીએ. અમ તત્ર સર્વત્ર છીએ. મદારી માટે આજીવિકાનું એટલે કે બ્રેડ બટરનું સાધન છીએ'' સાપે તેનો સાપરંગી પરિચય આપ્યો." સર, તમે સાધુ અને વીંછીની વાર્તા સાંભળી હશે. એક વાર એક વીંછી નદીમાં તણાતો હતો. એક સાધુએ આ દ્રશ્ય જોયું. એનું દિલ મીણની જેમ દ્રવી ઊઠ્યું . એણે વીંછીને હળવેથી પકડીને બહાર કાઢ્યો. વીંછી થેંકયુ કહેવા જેવી કર્ટસી કરવાના બદલે સાધુને કરડ્યો અને પાણીમાં પડ્યો .સાધુએ વીંછીને ફરીવાર પાણીમાંથી કાઢ્યો. વીંછી સાધુને પાછો કરડ્યો . આવું સાત આઠવાર બન્યું. ત્યાં એક સજ્જન આ બધું નિહાળી રહ્યા હતા. તેણે સાધુને કારણ પૂછયું.વીંછી એનો ધર્મ છોડતો નથી. હું સાધુનો આપદધર્મ છોડતો નથી. જો કે પછી છેવટે શું થયું એ ખબર નથી!! તમે આંધળી ચાકણ છો કે ખડચિતરો છો??'' મેં નાગને પૂછયું.
" એની સાથે તારે શું લેવા દેવા છે? ગુગલ સર્ચ કરી જાણી લેજે. બધા ગુગલ સર્ચ કરી લેખ લખે છે. તારે શું કામ માટે મારો ઈન્ટરવ્યું લેવા અજગર જેવા લાંબા થવું પડ્યું તે કહે ને!! નો બકવાસ. સીધી વાત કર અને ચાલતી પકડ. ખાલીપીલી ટાઈમ બિગાડને કા નંઈ!!'' ધામણે મને ટપોરીની ભાષામાં ધોઈ નાંખ્યો!!
" સર તમે છાપે ચડ્યા છો. લાઈમ લાઈટમાં આવ્યા છો!!'' હું કંઈ આગળ બોલું એ પહેલા ફેણ મારા તરફ કરી ગુસ્સે કર્યો.
" અબે ફટિચર. મારે લાઈમ લાઈટમાં રહેવું હોય તો કોઈ નેતાની સભાના સ્થળે , ફલાઈટમાં પહોંચી ન જઉં? અરે નાગિન-૧૫ સિઝનમાં એકટિંગ કરવાની ઓફર મળી છે જ !!'' ફૂરસાએ મારી ફિરકી લીધી!!
" તમે ઉનાના એક યુવાનને છેલ્લા બે વરસમાં નવ વાર ડંશ માર્યો છે.પેલા યુવાને પોતાનું ગામ છોડી મોસાળમાં પનાહ લીધી .ત્યાં જઈને પણ દંશ માર્યો છે. દરેક વખતે અલગ અલગ જગ્યાએ દંશ મારવાના બદલે જમણા પગની ત્રીજી આંગળીને જ નિશાના પર લીધી છે. સર યહ માંજરા કયાં હે??'' અમે કાળોતરાને પ્રેસ કટિંગ દેખાડી કારણ પૂછયું!!
" ભઈલા . તે બિલાડીના બચ્ચા વિશેની વાત સાંભળી છે ?'' કોબ્રાએ મને પૂછયું."કંઈ વાત?'' મે તક્ષક નાગને સામો સવાલ કર્યો.
" બિલાડીના બચ્ચાનું સાતવાર રહેઠાણ ન બદલાય ત્યાં સુધી તેની આંખ ઉઘડતી નથી!!'' દૈંડાએ મને માહિતી આપી.
" એનું અહીં શું છે?'' મેં અકળાઈને પૈડકુંને પૂછયું.
" પેલો યુવાન અંધભકત છે. આટલી વાર કરડવા છતાં તેની આંખ ખુલતી નથી . જયાં સુધી તેની આંખ ખૂલશે નહીં ત્યાં સુધી તેને કરડતો રહીશ'' આમ બોલી ધામણ વગર વાંકે મને કરડીને દરમાં જતી રહી!!
હું બાઘાની જેમ મોં વકાસીને એનાકોન્ડાને જતો જોઈ રહ્યો.
ભરત વૈષ્ણવ

# જમનાબાઈ પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો






આજરોજ તા ૨/૧/૨૦૨૫ નારોજ જમનાબાઈ પ્રાથમિક શાળામાં દાતાશ્રીઓ દ્વારા શાળાના તમામ ૪૦૭ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભાજપ ના અગ્રણી શ્રી મગનભાઈ માળી સાહેબ,તા.પ્રા.શિ શ્રી અશ્વિનભાઈ પટેલ સાહેબ, ચી હ દોશી સેન્ટર શાળાના આચાર્યશ્રી પ્રવીણભાઈ રાજગોર સાહેબ,પૂર્વ નગરપાલિકા પ્રમુખ સાહેબશ્રી,પૂર્વ આચાર્ય પ્રવીણભાઈ સાધુ સાહેબ,શ્રી દિનેશભાઈ,તથા અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા.આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત આચાર્યશ્રી જયેશભાઈ પટેલ સાહેબે કર્યું હતું.તથા આભાર વિધિ રમેશભાઈ જોષી એ કર્યું હતું અને તમામ દાતાશ્રી ઓનો આભાર માન્યો હતો.વિનોદ બાંડીવાળા ડીસા

# ગૌપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ભારતમાં નવી સંભાવનાઓ તરફ એક ઐતિહાસિક પગલું: ડો. વલ્લભભાઈ કથીરિયા

સ્વાનંદ ગૌ વિજ્ઞાન સંશોધન કેન્દ્ર અને ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-સેન્ટ્રીક ઈન્સ્ટિટ્યુશન્સ (ગ્ઝ્ઝ્રૈં)ના સંયુકત ઉપક્રમે મધ્યપ્રદેશના બેતુલ જિલ્લા ખાતે ગૌ પ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ તાલીમ નું આયોજન

નાગપુર સ્થિત, સ્વાનંદ ગૌ વિજ્ઞાન સંશોધન કેન્દ્ર અને ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-સેન્ટ્રીક ઈન્સ્ટિટ્યુશન્સ (ગ્ઝ્ઝ્રૈં)ના સહયોગથી મધ્યપ્રદેશ ગાયત્રી પરિવાર અને ઈજીજી દ્વારા ત્રિ-દિવસીય તા.૩,૪,૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મધ્યપ્રદેશના બેતુલ જિલ્લા ખાતે ગૌ પ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ તાલીમ નું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વાનંદ ગૌ વિજ્ઞાન ના શ્રી જીતેન્દ્ર ભાકનેએ તાલીમના ઉદ્દેશ્ય વિષે જણાવતા કહ્યું કે, ગૌ આધારિત ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મદદ કરવાની આ એક પહેલ છે. ભાગલેનારાઓને તાલીમ પ્રોગ્રામમાં પંચગવ્ય ઉત્પાદન, ગૌબર – ગૌમુત્ર ઉત્પાદનો, પ્રોડ્કસ માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને ગૌ આધારિત ઉત્પાદનોનો આંતરરાષ્ટ્રીય બજાર સુધી લઈ જવા માટેનું માર્ગદર્શન અને તાલીમ પૂરી પાડવામાં આવશે. વિશેષમાં જણાવ્યુ હતું કે આ તાલીમ શિબિર મુખ્યત્વે શ્રી ઉત્તમરાવ ગાયકવાડ અને શ્રીમતી વંદના કુંભારેના વિશેષ પ્રયાસોથી યોજાઈ રહી છે.

ડૉ. ભાગ્યશ્રી ભકને દ્વારા જણાવવામાં આવ્યું કે, તાલીમ દરમ્યાન અનુભવી વક્તાઓ દ્વારા માર્ગદર્શન અને પ્રેરણાત્મક અનુભવનું વર્ણન કરવામાં આવશે. તેમજ ગૌનાઈલ, હેર ઓઈલ, પેઈન રિલીફ બામ, ફેસપેક, હેન્ડવોશ, ધૂપ બત્તી, ગાયના છાણ આધારિત મૂર્તિઓ, દીવા, અન્ય ગોબર ઉત્પાદ ઉત્પાદનની કિંમત, નફાનું માર્જિન અને કંપનીની નોંધણી પ્રક્રિયા, ડિજિટલ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ, ગૌ આધારિત કુદરતી ખેતી અને આદર્શ દિનચર્યા પર માર્ગદર્શન આપવામાં આવશે. તાલીમ દરમ્યાન ઓછા ખર્ચે પોતાનું કામ કેવી રીતે શરૂ કરવું, ઓછા ખર્ચે કંપની કેવી રીતે સ્થાપિત કરવી, તેમજ ટેક્સ અને ય્જી વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવશે. ડો. કથીરિયા એ વિશેષ માં જણાવ્યુ હતું કે ગાય આધારિત ઉદ્યોગ અને ખેતીમાં રસ ધરાવતા વ્યક્તિઓ માટે આ કાર્યક્રમ એક સુવર્ણ તક છે. ગૌ રક્ષણ કરીને અને તેના બહુપરિમાણીય ઉપયોગને પ્રોત્સાહન આપીને, આપણે માત્ર આપણી સંસ્કૃતિને જ બચાવી રહ્યાં નથી પરંતુ આત્મનિર્ભરતા અને હરિયાળી અર્થવ્યવસ્થા તરફ પણ આગળ વધી રહ્યા છીએ.

# ભાવનગરના જવાહર મેદાન ખાતે વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોનો શુભારંભ કરાવતાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા

ભાવનગરના ઉદ્યોગકારોને પોતાના બિઝનેસના વિસ્તાર માટે તથા ભાવનગરના નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળે તેવા ઉદ્દેશ્યથી ભાવનગર શહેરના જવાહર મેદાન ખાતે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૩ થી ૬ જાન્યુઆરી સુધી યોજાનારા વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોને કેન્દ્રિય અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનાં હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આગામી તારીખ ૬ જાન્યુઆરી સુધી યોજાનાર આ એક્સ્પોને ખુલ્લો મુકતાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા જણાવ્યું કે, મહારાજા કૃષ્ણકુમારસિંહજીની આ પાવન ધરતી પર વાયબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝઅલ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે તે ભાવનગરના વિકાસમાં ખૂબ મહત્વનું સાબિત થશે. તેમણે ઉમેર્યું કે, આવનારા દિવસોમાં ભાવનગર મોટા ઉદ્યોગોનુ હબ બનશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૂરંદેશી નેતૃત્વને કારણે આજે આપણો દેશ નવી ઉંચાઈ હાંસલ કરી રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરશે.

મંત્રીશ્રીએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. ભાવનગરમાં યોજાઈ રહેલા આ એક્સપોમાં ભારત સરકારના સ્જીસ્ઈ મંત્રાલયે સબસિડી આપી સ્ટોલ્સને સ્પોન્સર કર્યા છે. સાથે-સાથે ફૂડ પ્રોસેસસિંગ મંત્રાલયે ફૂડ પ્રોસેસસિંગને લગતા ૨૦ સ્ટોલ્સ માટે સ્પોન્સરશીપ આપી છે, ભાવનગરમાં સ્જીસ્ઈ, પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ, ફૂડ પ્રોસેસસીંગ, શિપિંગ, રોલિંગ મિલ્સ જેવા ઉદ્યોગો વિકસવાનો અવકાશ રહેલો છે. કેન્દ્ર સરકારે આ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ બનાવી જાહેર કરી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની શરૂઆત કરાવી હતી. જેના લીધે આજે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે. આ એક્સ્પો માત્ર આપણા વેપાર, ઉદ્યોગ અને સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવાની અનન્ય તક નથી, પરંતુ તે આપણા રાજ્ય અને દેશના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવાનું પ્લેટફોર્મ પણ છે.

આજના ડિજિટલ યુગમાં ભારતે 'ડિજિટલ ઈન્ડિયા' હેઠળ અભૂતપૂર્વ ફેરફારો કર્યા છે. આપણે ટેક્નોલોજીકલ ઈનોવેશન્સ અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા માત્ર આંતરિક રીતે જ વિકાસ કરી રહ્યાં નથી, પરંતુ વૈશ્વિક હબ તરીકે પણ ઉભરી રહ્યાં છીએ. ૫ય જેવી ઉભરતી ટેક્નોલોજી આવનારા દિવસોમાં આપણા ઉદ્યોગો અને વ્યવસાયોને વધુ સ્પર્ધાત્મક બનાવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , બ્લોકચેન અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ જેવી નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આપણે સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં બિઝનેસ માટે નવી દિશા નિર્ધારિત કરી શકીએ છીએ. આ ટેક્નોલોજી માત્ર રોજગારીની નવી તકો ખોલવાની સાથે ઉદ્યોગોની ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતામાં પણ વધારો કરશે.

ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ એ એક ઉદાહરણ છે. જ્યાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અત્યાધુનિક તકનીકી સુવિધાઓ અને રોકાણની તકો એક સાથે આવી રહી છે. આ પ્રોજેક્ટ માત્ર ગુજરાત માટે જ નહી પરંતુ સમગ્ર ભારત માટે નવો માપદંડ પ્રસ્થાપિત કરશે. ધોલેરા પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ લાખો રોજગારીની તકો ઉભી કરશે, જે માત્ર ગુજરાતના જ નહીં, પણ સમગ્ર ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આપણે ભાવનગર માટે આ તકને ઝડપવાની છે અને શહેરને વિકાસની નવી દિશા આપવાની છે. આપણે સાથે મળીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી બનીએ. આ પ્રસંગે ભાવનગરના યુવરાજ શ્રી જયવીરરાજસિંહ ગોહિલે કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ગોરસીયાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરી એક્સ્પોના કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના અંતે સૌરાષ્ટ્ર ચેમ્બર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ કામાણીએ આભારવિધિ કરી હતી.

# ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારા મધ્ય ગુજરાતનું સ્નેહ મિલન ડાકોર ઓમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો...

આ સ્નેહ મિલન નો દીપ પ્રાગટ્ય કરી શુભ શરૂઆત કરનાર ડાકોર ના મહંત વિજયદાસજી મહારાજ ડાકોર દંડી સ્વામી આશ્રમ અને ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારાના આગેવાનો અને સંગઠનના સૌ પદાધિકારીઓ ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું આ પ્રસંગે ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારાના અને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ વેપારી સેલના સંયોજક શ્રી બીપીનભાઈ ઓઝા સાહેબ નું માર્ગદર્શન મળ્યું. એમના વક્તવ્યમાં સમગ્ર મધ્ય ગુજરાતના પ્રજાપતિ સમાજના યુવાનોને વિચારધારા મજબૂત બનાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું તેમજ મધ્ય ગુજરાતનું એક મોટું સંમેલન યોજાય જેમાં સમગ્ર પ્રજાપતિ સમાજ ને સાથે લઈ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના વિચારોને વળી કરવા માટેનું સૂચન પણ કરવામાં આવ્યું પ્રજાપતિ યુવાનોને સંગઠન અને સંગઠિત કરવા માટે ખૂબ સારું માર્ગદર્શન મળ્યું અને સંગઠનના નવા નિમાયેલ હોદ્દેદારોને ફૂલ બુકે આપી એમનું સ્વાગત અને નિમણૂક કરાઈ હતી તેમજ શ્રી ધનજીભાઈ પ્રજાપતિ અગ્રણી પ્રજાપતિ સમાજ પૂર્વ કેરેક્ટર ગૃહ વિકાસ ગ્રામ નિર્માણ અને કા કાઉન્સિલર અમદાવાદ મહાનગરપાલિકા તરફથી સમગ્ર વિચારધારા ના કાર્યકર્તાઓને આગળના સંગઠન માટે માર્ગદર્શન કરવામાં આવ્યું... તેમજ સંગઠન મહામંત્રી શ્રી વાઘજીભાઈ પ્રજાપતિ કચ્છ જેમના કરકમળથી આ વિચારધારા નો જન્મ થયો છે એમણે વિચારધારા ક્યાંથી શરૂ થઈ અને આવનાર સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેવી રીતે પ્રજાપતિ સમાજને વધારેમાં વધારે સ્થાન મળે એના માટે જીણવટ ભરી રૂપે સૌ કાર્યકર્તાઓને એમણે માર્ગદર્શન આપ્યું હતું ડાકોર ભાજપ શહેર પ્રમુખ શ્રી રાકેશભાઈ તંબોડી ઉપસ્થિત રહ્યા અને જિલ્લાના મંત્રીશ્રી રીટાબેન પ્રજાપતિ પણ ઉપસ્થિત રહ્યા તેમજ શ્રી ગીરીશભાઈ અમેઠીયા.. શ્રી બંસીભાઈ પ્રજાપતિ મધ્ય ગુજરાતના આગેવાન અને વિચારધારા ના મધ્ય ઝોનના સંગઠન મહામંત્રી. શ્રી વિનોદભાઈ પ્રજાપતિ મહેસાણા શ્રી જીગરભાઈ પ્રજાપતિ નડિયાદ શ્રી વિરેન્દ્રસિંહ પરમાર ડાકોર મિતાબેન પ્રજાપતિ પાલનપુર ઝોન પ્રમુખ બનાસકાંઠા અને ગીતાબેન પ્રજાપતિ પાલનપુર તેમજ. શ્રી રીટાબેન પ્રજાપતિ સેવાલિયા ખેડા જિલ્લા ભાજપા સંગઠન મંત્રી સેવાલિયા અને તમામ હોદ્દેદારો અને સમગ્ર મધ્ય ઝોનના કાર્યકર્તા મિત્રો ની ઉપસ્થિતિમાં વિશેષમાં તમામ જિલ્લાઓમાં નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી અને આવનાર સમયમાં મધ્ય જન્મમાં મોટામાં મોટું સ્નેહમિલન અથવા સંમેલન પ્રજાપતિ સમાજનું કરવા માટે હંકલ કરી

આ પ્રોગ્રામ નું સંચાલન અને ઉદ્ઘોષક યુવા અધ્યક્ષ ગુજરાત પ્રદેશ શ્રી પ્રદીપભાઈ દલવાડીએ કર્યું હતું અને આભાર વિધિ મધ્ય ઝોનના પ્રમુખ શ્રી સૂર્યકાંતભાઈ પ્રજાપતિ એ કર્યું હતું

# કાંદિવલીમાં કેઆરસી ખાતે નવા વર્ષની ઉજવણી





કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ પર કાંદિવલી વ્યાયામ મંદિર દ્વારા સંચાલિત કાંદિવલી રિક્રીએશન કલબ (કે આર સી)ની એન્ટરટેન્મેન્ટ કમિટી દ્વારા પોતાના ગ્રાઉન્ડમાં નવા વર્ષની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. કેઆરસીના પ્રમુખ સંજય શાહ, સેક્રેટરી ગૌતમ આચાર્ય, બૈજુ સર તથા એન્ટરટેન્મેન્ટ કમિટી ના સભ્યો સહિત કેઆરસીના હોદ્દેદારો, મેમ્બર્સ, સ્ટાફ, મહેમાનો મન મૂકીને પાર્ટીની મજા માણી હતી અને સંગીતના તાલે નાચ્યા હતા. આ પ્રસંગે લાઈવ ડીજે, અમર્યાદિત ફૂડ બિવરેજ રખાયા હતા. બાળકો માટે ખાસ કાર્યક્રમ રખાયા હતા.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 0092**
વિષય :- વિતેલા વર્ષની યાદો
શીર્ષક :- પ્રસાદ
પ્રકાર :- પદ્ય શબ્દ :-૧૨૭

વર્ષ આખું વીતી ગયું,
આપીને યાદો અનેક.
ક્યારેક હોઠ મરકી ઉઠયા ને,
ક્યારેક આંખો છલકાઈ છેક.

મળ્યા બે સ્નેહવાંચ્છુ હૈયા,
ગુંથાયા સદાને માટે એકમેક
આંગણા હરખ્યા ને,
પથરાયું અજવાળું એનું ઠેક.

પ્રગતિ થતી રહી બાળકોની,
પ્રસરાઈ એમના કાર્યોની મહેંક.
ક્યાંક આવી વાદળી ચિંતાની,
સૂરજે આવી એને ઉડાડી ઠેક.

માનું અડીખમ વ્યક્તિત્વ,
થયું થોડું પરાધીન.
પુનઃ વધુ ટટ્ટાર થયું,
સ્વાધીન રહેવાની છે ટેક.

ખીલ્યું એક રૂપાળું,
પુષ્પ અમ આંગણે.
જેનો પમરાટ ને તાજગી,
બની પરિવારની મહેંક.

ગુમાવ્યા એક ભાઈ,
જે લોહીના સંબંધે નહોતા.
ઉષ્મા ને આદર સંબંધનો,
હૃદયની લગોલગ ને નેક.

ખૂબ પામી, થોડું ગુમાવ્યું,
તાળો માંડું એનો કેમ?
હશે આમાંય ઈશ્વરની કૃપા,
પ્રસાદ માની માથે ચઢાવવાની ટેક.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષયઃ- વીતેલાં વર્ષની યાદો★
★શીર્ષકઃ- "પ્યારભરી વાતો"★
★પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૨૨★
ખૂબ ખૂબ મજાની રહી છે ગત વીતેલાં વર્ષની યાદો,
નથી કરતો આ કવિ ક્યારેય કશીય કોઈની ફરિયાદો.

મિત્રોએ, દોસ્તારોએ સદા હરદમ મને આપ્યો છે સાથ,
મુજ જીવનને હંમેશા ઉમંગ આપીને કર્યા છે આનંદના નાદો.

કવિ છું કાવ્યો લખું છું, શાયર છું તો ગઝલો લખું છું,
રજૂ કરું છું જો મહેફિલમાં તો મને છે ★"દોબારાની"★ દાદો.

પરોપકાર કાજે જ જીવન વિતી રહ્યું છે હરદમ,
પોકાર કોઈનો થાય તો વિના વિલંબે સાંભળું છું સાદો.

સેવાયજ્ઞો યોજાતા રહ્યા છે જેમાં રહું છું સતત સેવામગ્ન,
ગરીબોની આંખોમાંથી નથી વરસવાં દીધાં સાવનભાદોં.

★"જનસેવા એ જ પ્રભુસેવાનો"★- મુદ્રાલેખ છે મુજ જીવનનો,
સેવાસુશ્રુતિ માટે દોડી જાઉં છું,મને કોઈ દેખાય જો માંદો.
બહુમુખી પ્રતિભાને લીધે ★"ઉપલેટા રત્નનો"★ એવોર્ડ મળ્યો છે,
★"પંકજ"★- કદી નહીં ભૂલે સ્નેહીજનોની હૂંફ - ★"પ્યારભરી વાતો."★
★લેખકઃ- મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SD No- 382**
વિષય- વિતેલા વર્ષની યાદો
શીર્ષક- યાદોની બારાત
પ્રકાર- ગદ્ય. શબ્દ- ૩૦૦
૫૫.
યાદોની બારાત૫..
ક્યાં કોઈ વાતો જૂની થાય છે!
ફરી ફરી યાદ આવે એ,
- ને તાજી જ થતી જાય છે.

જીવન એટલે ષટ્ રસની ધારા છે. સંવેદના ઝીલતું આપણું હૈયું, યાદોની બારાત લઈ નીકળી પડે છે.

ગત જાન્યુઆરી,૨૦૨૪ માં, વતન ગુજરાતમાં, કૌટુમ્બિક મંગલ પ્રસંગે જવાનું થયું ને સુખદ સ્મરણોનો મહાથાળ, અમને ભેટ મળ્યો.

શ્રી રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન - ૨૨ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ, પાંચસો પચ્ચાસ વર્ષો પછી, રામ જન્મભૂમિ અયોધ્યામાં , નવ નિર્માણાધિન મંદિરમાં હતું.

ઘર ઘર ફરકતી કેસરિયા પતાકા, સંતો સહ નીકળતી શોભા યાત્રા, મીઠડા સ્વરે ગુંજતાં ભજનપરામ આયેંગે આયેંગેપ રામ આયેંગે, સૌને રામમય બનાવી દીધેલ.

૧૧ જાન્યુઆરીએ, વતન આંગણે, અમારા સાતમા કાવ્યસંપુટ 'ગુર્જરવીંઝણો' ને , નવસર્જન સાહિત્ય મંચના સૌજન્યે (ઈવા પટેલ), સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી નિરંજન પટેલના હસ્તે, વિમોચનનું સૌભાગ્ય મળ્યું.

વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે પ્રગટ કાવ્ય સંગ્રહ- 'શતમ્ જીવમ્ શરદઃ', તથા 'મહા મહિમાવંત ગિરનાર' સંપાદક -કવિ શ્રીદિલીપભાઈ ધોળકિયા- સહભાગી સર્જક તરીકે અમને, ગ્રીનીચ વર્લ્ડ રેકોર્ડ તરફથી, મેડલ ને સર્ટિફિકેટ મળતાં, ગ્રીનીચ વિશ્વ બુકમાં સ્થાન પામેલ( કાવ્ય અમૃત સહ) ત્રણ સાહિત્ય સન્માનો મેળવવા માટે યશનામી બની ગયા.

ભૂતપૂર્વ સ્નાતક વિદ્યાર્થી આલમનું ભવ્ય સંમેલન, ૨૧ જાન્યુઆરીએ, સરદાર પટેલ યુનિવર્સિટીએ, વિદ્યાનગરમાં કરેલ. અમારા આશ્ચર્ય વચ્ચે, વિશાળ સંમેલનમાં, સાલ ઓઢાડી, સાત વિશિષ્ઠ મહાનુભાવો સાથે,અમને પણ ડાયસ્પોરા સર્જક ને તજજ્ઞ સ્નાતક ઈજનેર તરીકે, ઉપકુલપતિશ્રી નિરંજન પટેલે, સન્માનની અવિસ્મરણીય ભેટ ધરી દીધી હતી.

૧૪ સપ્ટેમ્બર વિશ્વ હિન્દી દિવસ પર, નેપાળ સ્થિત- શબ્દ પ્રતિભા બહુક્ષેત્રીય ફાઉન્ડેશન(રજી) દ્વારા, ભારત નેપાળ મૈત્રી અને હિન્દી ભાષાને વિશ્વ ફલક પર વધાવવા, આયોજિત થતી આંતર રાષ્ટ્રીય પ્રતિયોગિતા, અમારા માટે રાજીપાનો ઢોલ લઈને આવી.

માનદ્ ઉપાધિઓ- " હિન્દી કાવ્ય રત્ન"

તથા "હિન્દી કાવ્ય શિરોમણી" સાથે " વિશ્વ પ્રતિભા અંતર રાષ્ટ્રીય એવોર્ડ -૨૦૨૫" આંતર રાષ્ટ્રીય સ્તરે અમને હિન્દી ઉત્કૃષ્ટ રચનાઓ માટે એનાયત થયા.

સર્જન થકી ગૌરવવંતા થવાની, આવી મજાની યાદોની બારાત સાથે, ચાલો વિરમીએ.
હું છું કલમ અજવાળું
ધ્યાન ધરો તો આવું.

રમેશ પટેલ(આકાશદીપ)- કેલિફોર્નિઆ
( યુ. એસ. એ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 351**
વિષયઃ વીતેલા વર્ષની યાદો
શીર્ષકઃ યાદ રાખી છે
પ્રકારઃ પદ્ય શબ્દઃ૮૨
હું નથી ભૂલી સુહાની સફર યાદ રાખી છે,
હતી શું, બસ એ જ પળ યાદ રાખી છે.

મોસમ નો બદલતો મિજાજ યાદ રાખી છે,
રંગોની છાબ સાથે, સાથે વસંત યાદ રાખી છે.

હાથમા કલમ ને શબ્દોના મિલન ની યાદ રાખી છે,
કોરા કાગળમા તારી ભરપુર યાદ રાખી છે.

શબ્દ થકી યાદોની મહેફિલ યાદ રાખી છે,
શ્વાશે શ્વાસે તારા મીઠા શબ્દની યાદ રાખી છે.

કેટલું સુંદર વર્ષ હતું કે ગઝલ અને કવિતા સાથે,
પુરબહાર લેખિકા, શબ્દ થકી શ્વાસ લાવી છે.
જયશ્રી વાઘેલા (મુંબઈ)

# ૬ જાન્યુઆરી, " ગુરુ ગોવિંદસિંહ જયંતી "

૬ જાન્યુઆરીએ ધાર્મિક સામાજિક ચેતનાના પૂંજ, મહાન તપસ્વી, મહાન યોદ્ધા, મહાન કવિ, રાષ્ટ્રીય એકતાનો આદર્શ આપનાર, ભકિત અને શકિતનો સુમેળ સાધી પ્રજામાં સ્વાભિમાન અને સ્વધર્મ સન્માન માટે મરી ફીટવાની ભાવના જગાડનાર, સર્વવંશદાની એવા શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહજીનો ૩૫૮ મો જન્મદિવસ છે. તેમણે ભારતના પૂર્વાચલમાં ગંગાતટે સ્થિત ઐતિહાસિક નગર પાટલીપુત્ર-પટનામાં માતા ગુજરીજી અને પિતા ગુરુ તેગબહાદુરજીને ત્યાં જન્મધારણ કર્યો અને દક્ષિણમાં નંદગિરિ-નાંદેડમાં દેહલીલા સંકેલી. ઉત્તરમાં હિમાલયની શ્રુંખલાઓમાં આવેલ હેમકુટથી લઈ દક્ષિણમાં ગોદાવરીના તટ સુધી તેમની જીવનયાત્રાનાં પ્રસંગો વણાયેલા છે. તેમની જીવનયાત્રા વાસ્તવમાં ભારતની વિવિધતામાં સમાયેલી ભાવનાત્મક એકતા, સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રીયતાનું પ્રતીક છે. તેમણે દેશની પ્રજાને અત્યાચારોમાંથી મુક્તિ અપાવવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા જયારે તેમને ખાતરી થઈ કે માત્ર ભકિત કે બલિદાન દ્વારા ધર્મનું રક્ષણ નહીં થઈ શકે ત્યારે ભકિત સાથે શકિતનો સુમેળ સાધ્યો અને એક એવી પ્રજા તૈયાર કરવાની શરૂઆત કરી જે અન્યાય અને અત્યાચારનો સામનો પૂરી શૂરવીરતાથી કરે.

તે એક મહાન કવિ હતા. તેમણે પંજાબી, ફારસી, અવધિ, વ્રજ જેવી ભાષાઓની રચના કરી છે. તેમની રચનાઓમાં જાપસાહેબ, ચોબીસ અવતાર, વિચિત્ર નાટક, શસ્ત્ર નામ માલા જેવી અનેક રચનાઓ છે. દસમ ગ્રંથ ગુરુજી દ્વારા રચિત મહાન ગ્રંથ છે. તેમની રચનાઓમાં ઈશ્વરની સ્તુતિ છે. તેઓ કહેતા કે 'વચન કર કે પાલના' એટલે કે જો તમે કોઈને વચન આપ્યું છે તો તેને દરેક કિંમતે નિભાવવુ જોઈએ, 'કોઈની નિંદા, ચાડી અતે ઈર્ખા નૈ કરના' એટલે કોઈની ચુગલી કે નિંદા કરવાથી આપણે બચવુ જોઈએ અને કોઈની ઈર્ષા કરવાને બદલે મહેનત કરવાથી ફાયદો થાય છે, 'કમ કરન વિચ દરીદાર નહી કરના' અર્થાત કામમાં ખૂબ મહેનત કરો અને કામને લઈને બેદરકારી ન રાખો.

દસમી પાતશાહી એટલે શ્રી ગુરુ ગોવિંદસિંહજી મહારાજ વિષે આજે પણ એવી માન્યતા છે કે તેઓ ક્યારેય મૃત્યુ પામ્યા જ નથી. આજે પણ તેઓ હાજરાહજૂર છે. એક દિવસ એક જંગલમાં તેઓ પોતાના ઘોડા સાથે જ અલોપ થઈ ગયા અને ત્યારબાદ તેમનાં દર્શન કોઈને થયા નથી છતાં આજે પણ લોકો તેમની પૂજા કરે છે અને તે દુનિયામાં હાજર જ છે તેવું માને છે. શીખ ધર્મમાં કલગીધર મહારાજને ખુબ માન આપવામાં આવે છે.

- મિત્તલ ખેતાણી

# આધુનિક સાવિત્રીએ લોન આપનારની બેન્ડ બજાવી

"રાજુ. તે શરાફ પાસે વીસ હજારની લોન લીધેલી તે ભરાઇ ગઇ?"મે રાજુને પૂછયું

"ગિરધરભાઇ. ખાનગી વ્યકિત પાસેથી લોન લોન એટલે કુંડાળામાં પગ પડવા જેવું છે. જેમ ઉકરડો વધે તેમ લોનનું મુદલ ઘટ્યા સિવાય વ્યાજનું વિષચક્ર વધતું જાય. કળણમાં ફસાયેલ કળણમાંથી બહાર નીકળવા મથામણ કરે કેમ બહાર નીકળવાના બદલે ઊંડે ને ઊંડે ધુસતો જાય" રાજુ રદીએ લોનલીલાને વર્ણવી.

" અટલે કે બાર હાથનું ચીભડું ને અઠયાંશી હાથનું બી જેવો ઘાટ થયો? ખરૂં ને!"મેં રાજુની ફીરકી લીધી.ગિરધરભાઇ . મધ્યમ વર્ગ કે ઉજળિયાત વ્યકિત વખાના માર્યા ગેરકાયદેસર શરાફ પાસે ઉધાર રકમ લીધી હોય એટલે તેની જિંદગી પઠાણી ઉઘરાણીદારના હવાલે થઇ ગઇ સમજો! લોનની રકમ હાથમાં આવે ત્યારે વ્યાજનો પ્રથમ હપતો લેવાપાત્ર ન થયો હોય તો પણ તે રકમ કાપીને લોન આપે. લોનના હપતા ભરવામાં ચૂક થાય કે યમરાજના ભાઇ કે યમદૂત જેવા બાઉન્સર ઘરે મોકલે. લોન લેનારને ધમકાવે , ટાંટિયા તોડી નાંખવાની ધમકી આપે. ઘરવખરીની તોડી નાંખવાની ધમકી આપે, કેટલા કિસ્સામાં ધમકીનો અમલ પણ કરે. વ્યાજના વિષચક્રમાં ફસાયેલ લોનનું વ્યાજ ભરવા બીજી લોન લે અને આ બેલ મુજે માર રે પડ પાણા પગ પર જેવી આત્મઘાતી પરિસ્થિતિનું નિર્માણ કરે. લોન લેનારને ફોન પર વોટસએપ પર ધમકી પર ધમકી આપે, ઘરવખરી લઇ જાય. ગેરકાયદે શરાફની હિન્દી- નીચતાની પરાકાષ્ઠા ત્યારે આવે કે લોન લેનારને પરણેતર કે દીકરીને ઉઠાવી જઇ રૂપિયા વસૂલ ન થાય ત્યાં સુધી યોનશોષણ કરવાની ખોફનાક ધમકી આપે અને ઘણીવાર તેનો અમલ પણ કરે."રાજુએ દર્દનાક દાસ્તાંન બ્યાન કરી.

" રાજુ લેભાગુ શરાફો- બાઉન્સરના અમાનુષી ત્રાસ, કનડગત, યંત્રણા, ત્રાસદીથી લોકો ત્રાહિમામ પોકારી જાય છે. થાકી હારી જાય છે. હાંફી જાય છે. જીંદગી નહીં પણ લેણદારોના તકાદા શરીફ જીરવી શકતા નથી ક્યારેક એકલા તો કયારેક કુટુંબ સાથે ગળાફાંસો ખાઇ , ઝેરી દવા પી, અગ્નિસ્નાન કરી કે કેનાલમાં ખુદને લંબાવીને મોતને મીઠું કરે છે. આવી ઘટના હતપ્રભ કરે તેવી સંવેદનશીલ છે। છતાં તપાસ કરનારના પેટનું પાણી હલતું નથી. કદાચ દરિન્દા તેમનું પેટ ભરી દેતા હશે!! કોઇક વ્યકિત તમારી સંવેદનહીનતાથી જીવન ટુંકાવી દે અને તમારી આંખના ખૂણા નમ ન થાય કે હ્દય બરફની જેમ ન પીગળે તો તમે રૂપિયા વચ્ચે આળોટતા હો તો એ રૂપિયા તમારા ગુનાની ચાર્જ શીટ છે!! મે આક્રોશપૂર્વક કહ્યું.

" ગિરધરભાઇ. લેભાગુ શરાફ જળો જેવા હોય છે. જેને ચોંટે ત્યાંથી ઉખડે જ નહીં. સાલ્લાઓ એક દિવસ માટે ૧૦૦% વ્યાજ વસૂલ કરે. મહીનાની આખરના પાંચ દિવસ માટે ૧૦૦ રૂપિયા ઉધાર લો તો મહીનો પૂરો થાય એટલે ૨૦૦ રૂપિયા ચુકવવાના !!" રાજુએ હદયદ્રાવક વાત કહી. " રાજુ. અમદાવાદમાં એક વીરાંગનાએ આવા ક્રૂર શરાફોના મોઢે ફીણ લાવી દીધા. એક ભાઇએ ધંધો શરૂ કરવા માટે બે જણ પાસેથી ઉછીના નાણા લીધા હતા. રૂપિયા ૧૧ લાખ ચુકવવાના બાકી હતા. આ રકમ વસૂલવા લોન લેનારનુ અપહરણ કર્યું. જેનું અપહરણ થયું તેની પત્ની અબળામાંથી રણચંડી બની ગઇ. તેણે અપહરણકારોએ કલ્પના કરી હોય તેની બહાદુરી પ્રદર્શિત કરી . " મેં કહ્યું.

" શું કર્યું? "રાજુએ પૂછયું.

" તેણે અપહરણકારોને ફોન કરી ધમકી આપી તે તેના પતિને એક કલાકમાં મારા ઘરે મુકી નહીં જાવ તો સાતમા માળેથી પડીને આત્મહત્યા કરીશ અને તમારા નામ લખીશ! બસ આ ધમકી અસર કરી ગઇ. અપહરણકારો પેલા ભાઇને ઘરના દરવાજે છોડી ગયા! " મેં કહ્યું. યમરાજની ચુંગાલમાંથી સત્યવાને સાવિત્રી જ છોડાવી શકે તેવી મોનોપોલી થોડી ચાલે?

કહે છે કે આધુનિક સાવિત્રીએ લોન લેનાર કુટુંબીજનોને નવી દિશા ચીંધી છે!! હવે લોન આપનારના અચ્છા દિન ખત્મ થઇ ગયા છે અને બુરા દિવસો દરવાજે દસ્તક દઇ રહ્યા છે!!

સેલ્યુટ ટુ બ્રેવ વુમન!!

ભરત વૈષ્ણવ

# ચારડા ધામ ખાતે જીવંત શબ્તાબી કથા મહોત્સવમાં હિન્દુ મુસ્લિમ ભાઈચારાનુ એકતાનું પ્રતિક જોવા મળ્યું !

પ્રતિ નિધિ થરાદ.

થરાદના ચારડા ધામ ખાતે ડી ડી રાજપૂત સહિત ગ્રામજનો દ્વારા આયોજિત કથાના ચોથા દિવસે કથામાં શાસ્ત્રી રામેશ્વર બાપુ હરિયાણે થરાદ જિલ્લો જાહેર તથા થરાદ જિલ્લાની જનતાને આહવાન કર્યું હતું કે વધુમાં વધુ દીકરીઓને ભણાવજો જીલ્લો થતાં જિલ્લાની દ્રષ્ટિએ શિક્ષણ પણ વધારો થશે તેમજ આજના યુગમાં દીકરીઓને ભણાવી ખૂબ જ જરૂરી છે આજના યુગમાં દીકરીઓ આજે પાયલોટ છે તેમાં સરહદની બોર્ડર ઉપર પણ જવાનો સરહદની રક્ષા કરતા હતા પરંતુ આજે પણ મહિલાઓ પણ સરહદની બોર્ડ




ઉપર હથિયારોથી રક્ષા કરી રહી છે તો થરાદ જિલ્લાની જનતાને પણ પોતાના દીકરાને ભણાવે પણ સાથે દિકરીઓને પણ ભણવાનું રાખે તેવું વ્યાસપીઠ ઉપરથી રામેશ્વર બાપુએ આહવાન કર્યું ચોથા દિવસે ના ભોજન ના દાતા પૃથ્વી પરિવાર રહ્યા હતા તેમજ આજની મહા આરતી પૃથ્વી પરિવાર દ્વારા ઉતારવામાં આવી હતી?આ કથામાં વિશેષ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને શાસ્ત્રીજીનું સન્માન કર્યું હતું તેમજ મુસ્લિમ પરિવાર દ્વારા પણ આરતી ઉતારાનો લાભ મળ્યો હતો અને મુસ્લિમ પરિવારના આગેવાનો મહમદભાઈ .ધાચી ધુડાભાઈ. ધાચિ યુશુબ. શા બાનવા હબીબ શા.રૂપસિંહભાઈ પટેલ વસંતભાઈ ત્રિવેદી નંદુભાઈ મહેશ્વરી દલપતસિંહ ચાવડા રામભાઈ મહેશ્વરી સહિતનાએ પૂરી કથા સાંભળી હતી અને ભોજન પ્રસાદ લીધો હતો ચારડા ગામ માં કથામાં એકતાનો પ્રતીક જોવા મળ્યું હતુ ચોથા દિવસે કથાનું રસપાન સાંભળવા માટે ૧૫,૦૦૦ થી વધુ ભક્તો ઊંટયા હતા જેમાં ૧૨૦૦૦ ભક્તોએ ભોજન પ્રસાદ લીધો હતો આજના ભોજન પ્રસાદ ના દાતા પૃથ્વી પરિવાર દ્વારા રાખવામાં આવ્યો હતો.....

# જાહેરાતો મોટી કામ ગોકળગાયની ગતિએ! અમદાવાદના બજેટમાં પ્રસ્તાવિત ૫૫૦૧ કરોડના કામમાંથી ૪૦% અધૂરાં




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ-૨૦૨૪-૨૫ માટે વાર્ષિક બજેટમાં મ્યુનિસિપલ કમિશનરે રૂપિયા ૫૫૦૧ કરોડના વિકાસકામ જાહેર કર્યા હતા. તેની સામે ડિસેમ્બર અંત સુધીમાં રૂપિયા ૩૩૦૦ કરોડના કામ જ પુરા થઈ શકયા છે. શહેરના તમામ સાત ઝોન માટે રૂપિયા રૂપિયા ૬૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી હતી. જે સામે નવેમ્બર અંત સુધીમાં રૂપિયા ૧૭૧.૮૮ કરોડનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. ઝોન કક્ષાએ પ્રાથમિક સુવિધાના કામ થતા નહી હોવાની કરવામાં આવતી રજૂઆત યથાર્થ પુરવાર થઈ છે.મ્યુનિસિપલ કમિશનર દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫ માટે રૂપિયા ૧૦૮૦૧ કરોડનું ડ્રાફટ બજેટ રજૂ કર્યુ હતુ. આ બજેટમાં વિકાસકામો માટે રૂપિયા ૫૫૦૧ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જે સામે ડિસેમ્બર મહીનાના અંત સુધીમાં રૂપિયા ૩૩૦૦ કરોડના કામો પુરા કરી શકાયા છે. નાણાંકીય વર્ષ પુરુ થવામાં હવે ત્રણ મહિના જેટલો સમય બાકી રહયો છે.

આ પરિસ્થિતિમાં બાકીના ચાલીસ ટકા કામ પુરા થઈ શકશે કે કેમ તે ઉપરાંત વર્ષ-૨૦૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનરે રીવાઈઝ બજેટમાં ૨૫ ટકા સુધીનો વધારો સુચવ્યો હતો તે વર્ષ-૨૦૨૫-૨૬માં ઘટાડો કરવો પડે એમ છે.વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂપિયા ૭૦૩૮ કરોડની રેવન્યુ આવક સામે રૂપિયા ૯૫૦૮ કરોડનો ખર્ચ કરવામા આવ્યો હતો. વર્ષ-૨૦૨૩-૨૪માં રૂપિયા ૩૭૮૩ કરોડની કેપીટલ આવક સામે રૂપિયા ૪૫૬૦ કરોડનો કેપીટલના કામ માટે ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાં ૩૧ માર્ચ-૨૦૨૪ની સ્થિતિએ રૂપિયા ૮૭૬ કરોડ જેટલી રકમ રેવન્યુ પુરાંત હતી. આમ થવા પાછળ મ્યુનિ.ના ચીફ એકાઉન્ટન્ટ અમિષ શાહે કહયુ, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ પ્લોટનુ વેચાણ કરવામાં આવ્યું હતું.ઉપરાંત ગુડા હેઠળ ઈમ્પેકટ ફી પેટે આવક થઈ.આમ નોનટેકસ રેવન્યુમાં વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષમાં વધારો થવા પામ્યો હતો.મ્યુનિ.કમિશનરે ડ્રાફટ બજેટમાં રેવન્યુ આવક પેટે રૂપિયા ૭૬૫૦ કરોડ જમા થવાનો અંદાજ મુકયો હતો.

# ભાવનગરમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને કાર્યકારી અધ્યક્ષ જીજ્ઞેશભાઈ મેવાણીની ઉપસ્થિતિમાં અસરગ્રસ્તોની વિશાળ રેલી નીકળી



ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોના મકાનો તોડી પાડવાની ભારતીય જનતા પાર્ટીની મહાનગર પાલિકા તેમજ સરકાર દ્વારા જે નિર્ણય કર્યો છે તે સંપૂર્ણ અન્યાયકર્તા છે. વર્ષોથી જે લોકો ભાવનગરમાં વસવાટ કરે છે તેવા લોકોને સુપ્રીમ કોર્ટના વારંવારના અવલોકનો મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યા વગર તોડી પાડવા તે અમાનવીય અને હાડમારી ઉભી કરનારું છે. આવા અસરગ્રસ્ત લોકોને ન્યાય મળે તે માટે અને તેમની વ્યથા ઉજાગર થાય તે માટે ભાવનગર કોંગ્રેસ સમિતિ તથા અસરગ્રસ્તોની બનેલી સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે શુક્રવારના રોજ એક વિશાળ રેલી ભાવનગરમાં નીકળી હતી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ રેલીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશભાઈ મેવાણી, એસ.સી. વિભાગના પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, દિલીપસિંહ ગોહિલ તથા ભાવનગર શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં આમજનતાની સાથે પદયાત્રા કરીને કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવા આવ્યું હતું. બિનજરૂરી મકાન ના તોડવા અને અતિ આવશ્યક હોય તો વૈકલ્પિક વ્યવસ્થા આપવી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરીને પછી મકાન હટાવવા માંગણી કરવામાં આવી હતી. જો અન્યાય થશે તો ઉગ્ર આંદોલન થશે તેમ પણ જાહેર કરવામાં આવ્યું હતું.





મહાકુંભ-૨૦૨૫નો શુભારંભ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે થવા જઈ રહ્યો છે.આજ રોજ ગાંધીનગર ખાતે સુધાંશુ મહેતા ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક વોટર એમ્બુલન્સનું ફ્લેગ-ઓફ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ,ભાજપા ગુજરાત તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં કરવામા આવ્યુ.આ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી,ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ,મેયર શ્રી મીરાબેન પટેલ,શહેર પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સસ્તા સોનાના નામે ૨૦ ટકા સસ્તા ભાવે ભુજના ચીટર સુરતના સોનીના ૩૧ લાખ લઈ ભાગ્યા

ભુજ,

સસ્તા સોનાના નામે અનેક લોકોને બાટલીમાં ઉતારનારા ભુજના ચીટરોએ સુરતના સોની વેપારી બે ભાઈ ભત્રીજાઓને પોતાની જાળમાં ફસાવ્યા હતા. અને ૫૦૦ ગ્રામ સોનું લેસો તો, બજાર ભાવ કરતાં ૨૫ ટકા ડીસ્કાઉન્ટ સોનું આપવાનું કહી ભુજ બોલાવ્યા બાદ સોનાના બે બિસ્કીટ બતાવીને ભુજમાં તાયબા ટાઉનશીપમાં ૩૧.૬૦ લાખ રૂપિયા ભરેલી બેગ ઝુંટવીને એક રૂમમાં પૂરી બહારથી બંધ કરીને ચીટરો પલાયન થઇ ગયા હતા. એ ડિવિઝન પોલીસ મથકમાં નામચીન પાંચ ચીટરો સામે ગુનો નોંધાવાતાં બે પંટરો પોલીસના રડારમાં આવી ગયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ મુળ અમરેલીના હાલ સુરતના કતારગામે રહીને બાપા સીતારામ સિલ્વર પોઇન્ટ નામે જ્વેલર્સની શોપ ચલાવતા અને હીરા ઘસવાનું કામ કરતા ફરિયાદી રમેશભાઇ બચુભાઇ પાંડવએ ભુજ એ પોલીસ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી પ્રણવ સોની, સીધીક સાલેમામદ ફકીર, સિકંદર સોઢા, આરીફ ઓસમાણ ફકીર, રહિમ ફકીરમામદ સંગાર નામના પાંચ ચીટર રહે ભુજ વિરૂધ્ધ ગુનો નોધાવ્યો છે. ફરિયાદીના જણાવ્યા મુજબ એક મહિના પહેલા ફરિયાદીના ભત્રીજા મિતેશભાઇએ ઓનલાઇન એપ્લિકેશન ઇન્ડિયામાર્ટમાં ગોલ્ડની જરૂરીયાત માટે રજીસ્ટ્રેશન કર્યું હતું અને તેમાં તેમનો ફોન નંબર મુક્યો હતો. ત્યાર બાદ ભુજથી પ્રણવ સોની નામના યુવકનો ફોન આવ્યો હતો. બજાર ભાવ કરતા ૨૦ ટકા ઓછા ભાવે સોનુ વાત કરી હતી. અને સોનાના બિસ્કીટો એક કિલો સોનું આપીશ તમે ૫૦૦ ગ્રામ સોનાના રૂપિયા ૧૩ લાખ ૬૦ હજાર આપજો બાકીના પછી આપજો તેવું કહીને વિશ્વાસમાં લીધા હતા. ત્યાર બાદ ફરિયાદી અને તેમના પરિવારજનોએ રોકડા રૂપિયા અને સોનું ગીરવે મુકીને બેક્રમાંથી લોન લઇને રૂપિયાની વ્યવસ્થા કરીને ફરિયાદીના ભત્રીજા મિતેશભાઇએ પ્રણવ સોનીને જાણ કરી ભુજ સોનું લેવા આવવાનું જણાવ્યું હતું. અને ફરિયાદી તેમજ તેમના વિપુલભાઇ અને ભત્રીજા મિતેશ, બે પુત્રો મયુર અને હર્ષદ તેમજ ફરિયાદી પાસે કામ કરતા સુવિકમાજી સહિત પાંચ લોકો ટ્રેન મારફતે ભુજ આવી સ્વામીનારાયણ પ્રસાદી મંદિરમાં રોકાયા હતા. હમીરસર પાસે પહોંચીને આરોપી પ્રણવ સોનીને ફોન કર્યો હતો. પ્રણવે રિક્ષા કરીને ત્રી મંદિર પાસે આવી જવાનું કહ્યું હતુ. જ્યાંથી કાર ચાલક સીધીક સાલેમામદ ફકીર ફરિયાદીના ભાઇ વિપુલભાઇ પુત્ર હર્ષદ અને મિતેશને તાયબા ટાઉનશીપમાં એક મકાનમાં લઇ ગયા હતા. જ્યાં સિકંદર સોઢાએ એક કિલો સોનું આપવાની વાત કરી હતી. ત્યાર રૂપિયા આપો તમને સોનું બહાર મળી જશે તેમ કહેતા ફરિયાદીના ભાઇ ભત્રીજાએ ના કહેતા સિકંદર સોઢાએ ૧૩ લાખ ૬૦ હજાર ભરેલી બેગ ઝુટવી લઇને મકાનના રૂમમાં પૂરી દઇને બહારથી બંધ કરી કારમાં નાસી ગયા હતા. દરવાજો ખખડાવતાં એક મહિલાએ દરજાજો ખોલ્યો હતો. ત્યારે પલાયન થઇ ગયા હતા. લોકલશનના આધારે ફરિયાદ સ્થળ પર પહોંચ્યા હતા. અને આર.ટી.ઓ સર્કલ પાસે રિક્ષામાં આવ્યા ત્યારે બે વ્યક્તિઓ ટુ વ્હીલરથી ફરિયાદી લોકોનો પીછો કરતો હતો. પ્રણવ સોનીને ફોન કરતાં અલગ અલગ બહાના આપીને સોનુ મળી જશે કહીને સોનું કે, રૂપિયા પરત ન આપી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી.



આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના ૨૧મા વાર્ષિક પદવીદાન સમારોહમાં પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કાર્યક્રમ બાદ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના ફાર્મની મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખેતી બન્ને પદ્ધતિઓથી ઉગાવવામાં આવેલા ઘઉં અને ચણાના પાકનું નિરીક્ષણ કર્યું હતું. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઉગાવવામાં આવેલો પાક વધુ સારો હોવાથી રાજયપાલશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ મુલાકાત વેળાએ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. સી. કે. ટીંબડીયા તેમજ વિશ્વવિદ્યાલયના સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણી દરમિયાન નળકાંઠા વિસ્તારને આપેલ તમામ વચન નિભાવી રહ્યો છું-ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ

આજે વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારના કુમારખાણ ગામે ૨.૭૦ કરોડ રૂપિયાના વિકાસ કામોનું ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે ભૂમિ પૂજન અને લોકાર્પણ કર્યું. કુમારખાણ ગામે ૭૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ સરકારી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું તેમજ નળકાંઠા વિસ્તારના લોકોને નજીકમાં જ આરોગ્ય સેવાનો લાભ મળે તેવા હેતુથી કુમારખાણ ગામે ૨ કરોડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. હાર્દિક પટેલે કહ્યું કે નળકાંઠા વિસ્તારના લોકોને ચૂંટણી સમયે વચન આપ્યું હતું કે બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને વિરમગામ ધક્કા



નહી ખાવા પડે જે વચન પૂર્ણ કર્યું અને આજે નળકાંઠાના વિદ્યાર્થીઓ કમીજલા સ્કૂલમાં જ બોર્ડની પરીક્ષા આપે છે. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, કારોબારી ચેરમેન પ્રમોદભાઈ પટેલ, શિક્ષણ સમિતિ ચેરમેન દિગ્પાલસિંહ ચુડાસમા, આરોગ્ય સમિતિ ચેરમેન ગોવિંદભાઈ, મહિલા અને બાળ વિકાસ સમિતિ ચેરમેન જગદીશભાઈ વડલાની, જિલ્લા સદસ્ય વિષ્ણુભાઈ જાદવ અને રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લાના પ્રાસલામાં સ્વામી ધર્મબંધુજી પ્રેરિત ૨૫મી રાષ્ટ્રકથામાં સહભાગી થતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લાના પ્રાસલામાં સ્વામી ધર્મબંધુજી પ્રેરિત ૨૫ મી રાષ્ટ્રકથામાં સહભાગી થઈ ગુજરાત સહિત વિવિધ રાજયોના યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસીત ભારતના નિર્માણની સંકલ્પ પીઠિકામાં યુવાનોનું અનેક યોગદાન છે. દેશના વિકાસ માટે યુવાનોને મળે સ્કીલ ડેવલોપમેન્ટ થાય તે માટે વડાપ્રધાનના નેતૃત્વમાં અભિયાન ચાલી રહ્યું છે ત્યારે વૈદિક મિશન ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્ર કથાના માધ્યમથી યુવાનોમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય તે માટે સ્વામી ધર્મબંધુજીના માર્ગદર્શનમાં ચાલી રહેલા આ કાર્ય અંગે મુખ્યમંત્રી શ્રી એ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

ગુજરાતની ધરતી પરથી રાષ્ટ્ર કથા દ્વારા વિવિધ રાજ્યોના યુવાનો રાષ્ટ્રપ્રેમ રાષ્ટ્રભાવના રાષ્ટ્ર વિકાસ અને શ્રેષ્ઠ નાગરિકના ચરિત્ર ઘડતરના ગુણોની કેળવણી લઈ રહ્યા છે તે અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રી શ્રીએ સગૌરવ જણાવ્યું કે આપણે આઝાદીના અમૃત કાળથી શતાબ્દી તરફ ગૌરવભેર આગળ વધી રહ્યા છીએ .

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા આપણે રાષ્ટ્ર માટે- સમાજના વિકાસ માટે અને સર્વ ધર્મ સદભાવના સાથે આગળ વધવાનું છે. મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને પ્રેરણા આપતા જણાવ્યું કે દરેક ધર્મમાં રાષ્ટ્રપ્રેમની વાત છે. સૌનું કલ્યાણ થાય એવી વિભાવના થી રાષ્ટ્ર એકતાની ભાવના મજબૂત બને છે. વડાપ્રધાનશ્રીનો સૌનો સાથ સૌનો વિકાસ એ વિકાસ મંત્ર માં પણ યુવાનોનું યોગદાન છે.

દેશની આઝાદી માટે શહીદ થયેલા વીરો ને યાદ કરીને મુખ્યમંત્રી શ્રી એ કહ્યું કે સ્વાતંત્ર વીરો ની શહાદત આપણને દેશ માટે જીવવાની -દેશ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા આપે છે. આઝાદીના લડવૈયાઓ ની વિચારધારામાંથી આપણે પ્રેરણા






લેવાની છે. રાષ્ટ્ર કથામાં મનોવૈજ્ઞાનિક- વૈજ્ઞાનિક અભ્યાસ સાથે આદર્શ યુવાનોનું નિર્માણ થાય તે માટે મહાનુભાવોનું જ્ઞાન મળી રહ્યું છે તે અંગે પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રકથામાંથી આપણને રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભાવના ગુણ મળ્યા છે.

ભારત યુવાનોનો દેશ છે, ભારતની સૌથી મોટી શક્તિ યુવા શક્તિ છે, આ યુવા શક્તિને ઉજાગર કરવાનું કામ તથા રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું મહત્તમ યોગદાન યુવા આપી શકે તે માટે ધર્મબંધુજી કથાના માધ્યમથી યુવાનોને પ્રોત્સાહિત કરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ આપણને ૧૧ સંકલ્પ આપ્યા હતા તેમાં સૌથી અગ્રેસર ગુલામીની માનસિકતા માંથી બહાર આવવાની વાત છે. વિકસીત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના પાયા સમાન યુવાનોને હંમેશા આગળ રાખવાની વાત કરી છે.

આ પ્રસંગે સ્વામી ધર્મબંધુજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર કથાનો ઉદેશ્ય દેશના યુવાનોમાં રાષ્ટ્રીય અખંડિતતા, રાષ્ટ્રીય ભાવના, એકતા, સામાજિક સમરસતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનું અને શૈક્ષણિક, વૈજ્ઞાનિક તેમજ બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન કરવાનો છે. દેશ વૈશ્વિક ફલક પર આગળ વધી રહ્યો છે.જે સંદર્ભે સ્વામીજીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના સમકાલીન હોવાનું આપણને ગૌરવ છે, એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મૃદુતા તથા સરળ સ્વભાવ અને કામ વધુ કરવાની ધગશ ગુજરાતના વિકાસને બુસ્ટ આપવાનુ કામ કરે છે. આ ઉપરાંત ધર્મબંધુજીએ બાળ ઉછેરના મહત્વના ગુણ તેમજ સાયકોલોજીકલ, મેડિકલ, ઈમોશનલ તથા હેબિટ બ્રેઈન અને કોન્સીસ બ્રેઈનનો અલગ-અલગ ઉંમરમાં પ્રભાવ વિશે વિસ્તૃત વાત કરી રાષ્ટ્ર કથાનો ઉદેશ્ય, સંસ્થા દ્વારા થતા રાહતના કામો વગેરે વિશે માહિતી આપી હતી.રાષ્ટ્રકથામાં જુદા-જુદા રાજયોમાંથી આવેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

કાર્યક્રમની આભાર વિધિ કરતાં પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ ઉમેર્યું હતું કે, ગુજરાત દેશનું પ્રગતિશીલ રાજય છે, રાષ્ટ્ર શિબિરમાં વિદ્યાર્થીઓના રૂપે આવતીકાલનુ ભારત અહીં છે. સ્વામી ધર્મબંધુજી દેશના જુદા જુદા સ્થળોમાં ફરીને નવા ભારતના નિર્માણ માટે પોતાનું જીવન વિતાવી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની પ્રગતિ થઈ રહી છે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજય સરકાર જનકલ્યાણ તેમજ યુવા ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે તેમ કહ્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રાંસલા ખાતે શિબિરાર્થીઓની તંદુરસ્તી પ્રદાન કરતા રસોડાની મુલાકાત અને ભારતીય સેનાના આર્ટિલરી, આર્મ્ડ અને ઈન્ફન્ટરી ફોર્સ, હન્ડ્રેડ બટાલિયન રાઈફલ્સ અમદાવાદ, ઈન્ડિયન નેવી તથા ઈન્ડિયન આર્મીના શસ્ત્ર પ્રદર્શન ની મુલાકાત લઈને સેનાના જવાનોને શુભ કામનાઓ પાઠવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.